# આજે ભારત - પાકિસ્તાન વચ્ચે મહા મુકાબલો

ઓવલ, તા.૧૭

જેની ઉત્સુકતાથી વિશ્વભરમાં કરોડો ક્રિકેટ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા છે તે ભારત અને પાકિસ્તાન વચ્ચે હાઈવોલ્ટેજ, થ્રીલર અને દિલધડક આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ મેચ આવતીકાલે રવિવારે ઐતિહાસિક ઓવલ મેદાન પર રમાનાર છે. હાઉસફુલના શો વચ્ચે આ મેચ રમાનાર છે. આ મેચમાં શાનદાર દેખાવ કરનાર ખેલાડીની રાતોરાત અનેક ગણી લોકપ્રિયતા વધી જશે. સાથે સાથે તેને ઘણા સમય સુધી યાદ રાખવામાં આવનાર છે. સોશિયલ મિડિયા પર પણ જંગનો માહોલ રહેનાર છે. ભારતે બાંગ્લાદેશને સેમીફાઈનલમાં કચડીને ફાઈનલમાં કુચ કરી છે. જ્યારે પાકિસ્તાને મોટો અપસેટ સર્જીને પ્રથમ સેમીફાઈનલમાં ફેવરીટ ગણાતી ઈંગ્લેન્ડની ટીમ પર જીત મેળવીને ફાઈનલમાં કુચ કરી હતી. ભારત અને પાકિસ્તાન આ પહેલા આઠ વનડે ટુર્નામેન્ટની ફાઈનલમાં સામ સામે આવ્યા છે. જે પૈકી ભારતને બે વખત અને પાકિસ્તાનને છ વખત જીત મેળવી ટ્રોફી પોતાના નામ પર કરી છે. જ્યારે ટ્વેન્ટી-૨૦માં બન્ને ટીમો એક વખત સામ સામે આવી છે જેમા ભારતે જીત મેળવી છે. ભારત અને પાકિસ્તાન બન્ને પર મેચ જીત માટે જોરદાર દબાણ રહેલુ છે. આવી સ્થિતીમાં જે ટીમ ટેન્શનને દુર કરીને મેદાનમાં ઉતરશે તે ટીમ જ વિજેતા બનશે. બન્ને દેશો દ્વિપક્ષીય સંબંધો સારા નહી હોવાના કારણે વર્ષોથી એકબીજા સામે દ્વિપક્ષીય શ્રેણી રમતા નથી પરંતુ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં આમને સામને આવે છે. લાંબા ગાળા બાદ બન્ને ટીમો વચ્ચે મેચો યોજાતી રહે છે જેથી કરોડો ચાહકોમાં ભારત અને પાકિસ્તાનની મેચને લઈને રોમાંચ રહે છે. ઓવલના મેદાનમાં હાઉસફુલની સ્થિતી રહેશે. સાથે સાથે કરોડો ક્રિકેટ ચાહકો દુનિયાભરમાં આ મેચને ટીવી પર જીવંત નિહાળવા માટે પણ તૈયાર છે. જો વરસાદ વિલન નહી બને તો રોમાંચક મેચ રમાશે. બંન્ને ટીમોના તમામ ખેલાડીને પણ સ્ટાર બનવાની તક રહેલી છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ વર્તમાન ચેમ્પિયન ટીમ છે.

## ભારત પાક મેચ પર ૨૦૦૦ કરોડનો સટ્ટો

ઈંગ્લેન્ડમાં સટ્ટો લીગલ હોવાના પરિણામ સ્વરુપે તથા ટેકનિકની મદદથી આવતીકાલે રમાનારી ભારત અને પાકિસ્તાન વચ્ચેની ફાઈનલ મેચમાં કેટલાનો સટ્ટો રહેશે તે બાબત ખુલી ગઈ છે. આ મેચ પર આશરે ૨૦૦૦ કરોડ રૂપિયાનો સટ્ટો હોવાના અહેવાલ મળી રહ્યા છે. બંને ટીમો આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં મેદાનમાં ઉતરનાર છે. આ સટ્ટામાં બુકીની પસંદગીની ટીમ સ્પષ્ટપણે ભારતીય ટીમ છે.

ભારતીય ટીમ ઉપર સૌથી વધુ સટ્ટો છે. દાખલા તરીકે જો કોઈ વ્યક્તિ આ મેચમાં ભારતની ટીમ ઉપર ૧૦૦ રૂપિયા લગાવે છે અને ભારતીય ટીમ જીતી જાય છે તો સટ્ટો લગાવનારને ૧૪૭ રૂપિયા મળશે. આવી જ રીતે પાકિસ્તાન જીતી જાય છે તો ૧૦૦ રૂપિયાના બદલે ૩૦૦ રૂપિયા મળશે. એઆઈજીએફ અથવા તો ઓલ ઈન્ડિયા ગેમિંગ ફેડરેશનના સીઈઓ રોલેન્ડ લેડર્સે કહ્યું છે કે, કેટલાક અભ્યાસ બાદ જાણવા મળ્યું છે કે, ભારતે આ વર્ષે જેટલી પણ મેચ રમી છે તે તમામ ઉપર કુલ બે લાખ કરોડ રૂપિયાનો સટ્ટો રમાયો છે. હવે જ્યારે ૧૦ વર્ષ બાદ ભારત અને પાકિસ્તાનની ટીમ ફાઈનલમાં આવી છે ત્યારે સટ્ટા માર્કેટમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે.

# જુનેદ ઠાર થયા બાદ સુરક્ષા દળો પર ત્રાસવાદીના હુમલા જારી

શ્રીનગર,તા. ૧૭

દક્ષિણ કાશ્મીરના અરવાની વિસ્તારમાં સુરક્ષા દળોએ ગઈકાલ શુક્રવારના દિવસે ખતરનાક ત્રાસવાદી જુનેદ મટ્ટુને તેના સાગરીતો સાથે મોતને ઘાટ ઉતારી દીધા બાદ ત્રાસવાદીઓમાં ખળભળાટ મચી ગયો છે. જેથી ત્રાસવાદીઓ બદલો લેવા માટે સતત હુમલા કરી રહ્યા છે. આના ભાગરૂપે આજે સવાર ત્રાસવાદીઓએ જમ્મુ કાશ્મીરના બિજબેહડામાં સુરક્ષા દળો પર હુમલો કર્યો હતો. જો કે આ હુમલાને નિષ્ફળ કરી દેવામાં આવ્યો હતો. હુમલો કરવામાં આવ્યા બાદ હાલમાં સર્ચ ઓપરેશન જારી છે. વધારે માહિતી મળી શકી નથી.બીજીબાજુ જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં શુક્રવારે મોડી સાંજે કરવામાં આવેલા છુપા હુમલામાં શહીદ થયેલા પોલીસ જવાનોના સંપૂર્ણ



સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ હુમલામાં એક સબ ઈન્સ્પેકટર સહિત કુલ છ પોલીસ જવાનો શહીદ થયા હતા. દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના થાજીવાડા અચબલમાં ઘાત લગાવીને બેઠેલા આંતકવાદીઓએ છળકપટથી પોલીસદળ પર અંધાધૂંધ ફાયરીંગ કરી જબરદસ્ત હુમલો કર્યો હતો. જેમાં છ પોલીસ જવાનો શહીદ થયા હતા. જેમાં શહીદ થયેલા એસએચઓની ઓળખ સબ ઈન્સ્પેકટર ફિરોઝ તરીકે થઈ હતી.

# લાલૂના પુત્ર તેજપ્રતાપનું પેટ્રોલપંપ લાયસન્સ રદ

પટણા, તા. ૧૭

આરજેડીના વડા લાલૂ પ્રસાદ યાદવના પરિવારના સભ્યોની મુશ્કેલીઓ સતત વધી રહી છે. હવે તેમના મંત્રી પુત્ર તેજપ્રતાપ યાદવના પેટ્રોલ પંપના લાયસન્સને રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા તેમના પેટ્રોલ પંપના લાયસન્સને રદ કરી દીધું છે. આ મહિને તેજપ્રતાપને ખોટીરીતે લાયસન્સ લેવાના મામલામાં આરોપ કરાયા બાદ નોટિસ ફટકારવામાં આવી હતી. પટણામાં વ્યસ્ત વિસ્તારમાંથી એક બેઉર જેલની પાસે તેજ પ્રતાપ યાદવ પેટ્રોલ પંપ ધરાવે છે. બિહાર ભાજપના નેતા સુશીલ કુમાર મોદીએ આક્ષેપ કર્યો હતો કે, ૨૦૧૧માં પટણામાં પેટ્રોલ પંપ લાયસન્સ મેળવવા માટે તેજપ્રતાપ યાદવે બોગસ કાગળો બતાવ્યા હતા. સુશીલ કુમાર મોદીએ આક્ષેપ કર્યો છે કે, તેઓએ તેલ કંપનીના એક અધિકારી સાથે સાઠગાંઠ કરીને ખોટીરીતે પેટ્રોલ પંપના લાયસન્સ મેળવી લીધા હતા.

મિડિયામાં ભારે હોબાળો થયા બાદ બીપીસીએલ તરફથી ઉંડી તપાસ કરવામાં આવી હતી. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ તરફથી ઉંડી તપાસ કરવામાં આવ્યા બાદ બિહારના આરોગ્યમંત્રી તેજપ્રતાપને બીપીસીએલ તરફથી નોટિસ ફટકારવામાં આવી હતી. સાથે સાથે ૧૫ દિવસમાં જવાબ આપવા મો કહેવામાં આવ્યું હતું.

# દાર્જીલિંગમાં હિંસા યથાવત : બેના મોત

દાર્જીલિંગ,તા. ૧૭

ગોરખાજંગ મુક્તિ મોરચા દ્વારા જાહેર કરવામાં આવેલા અચોક્કસ મુદતના બંધની આજે માઠી અસર થઈ હતી. સતત છઠ્ઠા દિવસે અચોક્કસ મુદતના બંધના લીધે જનજીવન ખોરવાઈ ગયું હતું. દાર્જીલિંગ અંધાધૂંધી હિંસામાં ફેરવાઈ જતાં બે સમર્થકોના મોત થયા હોવાનો દાવો જીજેએમ દ્વારા કરવામાં આવ્યો છે. આજે હિંસાનો દોર જારી રહ્યો હતો. પોલીસ અને જીજેએમના સમર્થકો વચ્ચે હિંસામાં બેના મોત થયા છે. આજે સિંગમારી વિસ્તારમાં જીજેએમના કાર્યકરોએ પોલીસ ઉપર પેટ્રોલ બોંબ અને પથ્થરો ફેંક્યા હતા. ત્યારબાદ પોલીસે પણ જવાબી કાર્યવાહી કરી



હતી. સ્થિતિને કાબૂમાં લેવા માટે સૌથી પહેલા ટીયરગેસના સેલ છોડવામાં આવ્યા હતા. ત્યારબાદ લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. અનેક લોકો આમા ઘાયલ થયા હતા. જેના પરિણામ સ્વરુપે વહીવટીતંત્રને સેના બોલાવી લેવાની ફરજ પડી હતી. ગોરખાજન મુક્તિ મોરચાના કાર્યકરોએ સિંગમારીમાં જીજેએમ ઓફિસથી દેખાવ રેલી યોજી હતી ત્યારબાદ પ્રતિબંધાત્મક આદેશો જારી કરવામાં આવ્યા હતા જેના લીધે પોલીસે રાષ્ટ્રધ્વજ અને જીજેએમના ધ્વજ લઈને નિકળેલા લોકોને પરત ફરવા માટે પોલીસે કહ્યું હતું કે, દેખાવ કરી રહેલા લોકો પરત ન ફરતા આ લોકોએ પોલીસ ઉપર પથ્થરમારો કર્યો હતો. બોટલો ફેંકી હતી. વાહનોમાં આંગ ચાંપી દીધી હતી. પોલીસે વિગત આપતા કહ્યું છે કે, સ્થિતિ વણસી જતાં લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. લાઠીચાર્જ વેળા ઝપાઝપીમાં પોલીસ જવાનોને પણ ઉજા થઈ છે. બીજી બાજુ જીજેએમના સહાયક મહાસચિવ વિનય તમંગે કહ્યું છે કે, પોલીસ અને તૃણમુલના કાર્યકરોએ શુક્રવારે મોડી રાત્રે પણ તેમના આવાસ ઉપર તોડફોડ કરી હતી. તૃણમુલ કોંગ્રેસના કાર્યકરો પણ હિંસક રુપ અપનાવી રહ્યા છે. બીજી બાજુ દાર્જીલિંગમાં અંધાધૂંધીના કારણે મોટી સંખ્યામાં પ્રવાસીઓ પણ અટવાઈ પડ્યા છે. દાર્જીલિંગ શહેરના સિંગમારી વિસ્તારમાં હિંસક અથડામણનો દોર જારી રહ્યો છે. જીજેએમના નેતા તમંગે દાવો કર્યો છે કે, ૨ બે કાર્યકરોના મોત થયા છે. પોલીસે તેમના ઉપર ગોળીબાર કર્યો હતો.

# આદિવાસી સરપંચ-ઉપસરપંચોના પથદર્શક કાર્યક્રમમાં ભોજન બાબતે હોબાળો મચ્યો

### ભોજન સમારંભ મોડો ચાલુ થતા ભારે હંગામો : ભીંડાનુ શાક અને ઢોકળા ઉતરી ગયેલા હોવાની ફરિયાદો ઉઠવા પામી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે 'પેસા' હેઠળ આદિવાસી વિસ્તારના સરપંચ-ઉપસરપંચોના પથદર્શક સમારોહમાં ભોજન



સમારંભમાં ઉતરતી કક્ષાનું તથા બગડેલુ ભોજન પીરસાયુ હોવાની ફરિયાદો ઉઠતા ભારે હોબાળો મચ્યો હતો. બીજી તરફ ભોજન સમારંભ મોડો શરૂ થવાના કારણે પણ આદિવાસી સરપંચ-ઉપસરપંચો ભારે અકળાયાં હતા અને હલ્લો મચાવ્યો હતો. આ કારણે બપોરનો ભોજન સમારંભ છેક ૪.૧૦ કલાક સુધી ચાલ્યો હતો.

આદિવાસી વિસ્તારોમાં પંચાયતીરાજ વિસ્તરણ અધિનિયમ 'પેસા' હેઠળ આદિજાતિ સમાજને મળતા સવિશેષ અધિકારો અંતર્ગત સરપંચ-ઉપસરપંચો માટેના પથદર્શક કાર્યક્રમમાં આમ તો મુખ્યમંત્રી વિજય રૂપાણી ૧૧ વાગે પહોંચવાના હતા પરંતુ નર્મદા યોજના પરિપૂર્ણ થવાના અવસરે અચાનક મુખ્યમંત્રી સવારે કેવડિયા કોલોનીની મુલાકાતે જતા આ કાર્યક્રમમાં છેક ૧૨ વાગ્યાની આસપાસ પહોંચી શક્યા હતા. આ કારણે સમગ્ર કાર્યક્રમ મોડો પડ્યો હતો. તેના કારણે બપોરનું ભોજન ૧.૩૦ વાગ્યાની આસપાસ શરૂ થઈ શક્યુ હતુ. આ કાર્યક્રમમાં રાજ્યના દૂર દૂરના અંતરિયાળ વિસ્તારમાંથી સરપંચો-ઉપસરપંચો આવ્યાં હતા. જેમાં કેટલાક આગળના દિવસે રાત્રે જ અને બાકીના વહેલી પરોઢે ગાંધીનગર આવવા રવાના થયા હતા. આટલી લાંબી મુસાફરી પછી અહીં કાર્યક્રમ પણ મોડો શરૂ થયો અને ભોજન પણ મોડુ શરૂ થતા સરપંચો-ઉપસરપંચો ભારે અકળાયા હતા. એક તબક્કે ભોજન કક્ષનો દરવાજો ખોલવામાં આશરે અડધો કલાક જેટલી રાહ જોવડાવાતા તમામનો પિત્તો ગયો હતો અને હોહા કરી મૂકી હતી. બીજી તરફ ભોજન શરૂ થયા બાદ ભોજનમાં ભીંડાનું શાક અને ઢોકળા ઉતરી ગયેલા હોવાનુ જણાતા તેમજ ભાત પણ ઉતરતી કક્ષાના હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. જેના કારણે પણ કેટરીંગ તથા સર્વિસ સ્ટાફ સાથે ભારે રકઝક અને બોલાચાલી થવા પામી હતી.

# કેતન પટેલની અંતિમયાત્રા મહેસાણા સિવિલથી નીકળશે

### ૧૨ દિવસે બલોલમાં અંતિમ સંસ્કાર કરાશે

મહેસાણા, તા. ૧૭

મહેસાણા માં પાટીદાર સમાજમાં આજે કેતન પટેલના કસ્ટડી ડેથ મામલે હાલમાં વાતવારણ તંગ બન્યુ હતું. ત્યારે કેતનના પિતા



મહેન્દ્રભાઈ પટેલની આજે વહેલી સવારે તબિયત લથડી હતી. તેમને માયનોર હાર્ટ એટેક આવતા તેમને મહેસાણાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. જેને લઈને કેતન પટેલનો મૃતદેહ જે રીતે સમગ્ર મહેસાણામાં ફેરવીને ગવર્નરને સુપ્રત કરવાની વાત હતી. મહેન્દ્રભાઈ પટેલની તબિયત ખરાબ હોવાને કારણે મૃતદેહની ગાંધીનગરની યાત્રા મોકૂફ રાખી છે.



સાબરમતી આશ્રમની સ્થાપનાના શતાબ્દી દિન ૧૭ જૂને આસ્થા સ્પેશ્યલ ટૂરિસ્ટ ગાંધી દર્શન ટ્રેનને પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રીશ્રી

### મહિલા કોંગ્રેસ.... ● છેલ્લા પાનાનું ચાલુ

શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ ભાનુમતિબેન રોહિતની સાથે આ આવેદનપત્ર પર પિન્કીબેન પટેલ, લલીબેન ઠાકોર, હિરલ જોશી, ઊર્મિલાબેન વર્મા, વી.એન. મેણાત સહિતના આગેવાનોએ હસ્તાક્ષર કર્યા છે.

ગઈકાલે ગાંધીનગર મહાનગરપાલિકામાં કચેરીના રાઉન્ડ પર નીકળેલા સ્થાયી સમિતિના ચેરમેન પસાર થતાં ઉભા થઈ સન્માન ન આપવાના મુદ્દે બે કર્મચારીઓને ફરજ પરથી મુક્ત કરવાની સૂચના ઉપરાંત ગાળાગાળી ચેરમેને કરી હોવાના મુદ્દે આ મામલે ટોક ઓફ ધી ટાઉન બનેલ છે.

આજે કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યા બાદ આગામી દિવસમાં આંદોલનાત્મક કાર્યક્રમો અપાશે તેમ કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# વાદળછાયા વાતાવરણ છતા ગરમીના પ્રમાણમાં વધારો

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેર સહિત ગુજરાતના જુદા જુદા ભાગોમાં આજે વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું જેથી ગરમીથી લોકોને રાહત મળી હતી. જો કે, અમદાવાદમાં પારો આજે પણ ૪૦.૧ ડિગ્રી સુધી રહ્યો હતો. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આંશિક વાદળછાયુ વાતાવરણ વચ્ચે ગાજવીજ સાથે વરસાદી ઝાપટાની શક્યતા વ્કત કરવામાં આવી છે. બીજી બાજુ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં જારી રહી શકે છે. આજે અમદાવાદ શહેરમાં બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૦થી વધારે રહેતા લોકો વાદળછાયુ વાતાવરણ વચ્ચે પણ ગરમીમાં પરેશાન રહ્યા હતા. જ્યારે આજે રાજ્યના અન્ય તમામ ભાગોમાં પારો ૪૦થી નીચે રહ્યો હતો. અમદાવાદમાં જ ૪૦થી ઉપર પારો પહોંચ્યો હતો. તંત્ર તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરાઈ નથી. હાલમાં દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમી પવનો ફુંકાઈ રહ્યા છે. દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં કેટલીક જગ્યાએ હળવા ઝાપટા પડ્યા હતા. હાલમાં જ પ્રિ મોનસુની ઝાપટા પડ્યા હતા. બીજી બાજુ મોનસુનની એન્ટ્રીની ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. તાપમાનના અનુસંધાનમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોને ગરમીથી બચવા માટે કાળજી રાખવા અપીલ પણ કરવામાં આવી છે.જેમાં લોકોને વધુ પ્રમાણમાં પાણી, છાશ અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવા, લાંબા સમય સુધી તડકામાં ન રહેવા અને હળવા સુતરાઉ કપડા પહેરવા ખાસ અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત ઠંડકવાળા સ્થળોએ આરામ કરવા,કામ સિવાય બપોરના સમયે બહાર ન નીકળવા અંગે પણ સુચન કરવામાં આવ્યું છે.આ સાથે જ નાના બાળકો,વૃધ્ધો અને સગર્ભા મહિલાઓની વિશેષ કાળજી લેવા અંગે પણ કહેવામાં આવ્યું છે.

### વન્ય સૃષ્ટિ પરિચય ● ૪ પાનાનું ચાલુ...

માનવ પોતાના મનોરંજન શોખ કે મોટાઈ બતાવવા માટે પક્ષીઓને પાંજરામાં પુરે તે એક પ્રકારની તાંડન મનોવૃતિથી વિશેષ કાંઈ જ નથી.

પક્ષીઓનું પણ જાતીય જીવન હોય છે. નર-માદાની પસંદગીની જોડી પાંજરામાં બની શકે તેવી કોઈ સંભાવના હોતી નથી. સંવનન ઋતુમાં વરણાગી રૂપ ધારણ કરવા, માદાને આર્કષવા, નર દવારા વિશિષ્ટ સંવનન નુત્ય કરવા અને સંવનન કરી ઈંડા મુકવા જેવું પાંજરાના પક્ષીઓ માટે સંભવ નથી. આ જોડી યોગ્ય વનસ્પતિ પર જગ્યા શોધીને જાતવાર જુદા-જુદા આકારના માળા બનાવતી હોય છે. પાંજરામાં માળા બનાવવાની કલ્પના માત્ર થઈ શકે નહી અને પાંજરામાં ઈંડા મુકાય તે પક્ષીના બચ્ચાં જન્મે તે તો એક દુલર્ભ ઘટના બની જાય.

દેશના પર્વતીય ક્ષેત્રો અને જંગલ ભાગોમાંથી ગેરકાયદેસર રીતે પકડવામાં આવતાં પક્ષીઓને દેશના વિવિધ નગરો-શહેરોમાં વહન કરીને મોકલવામાં આવે છે તે દરમ્યાન ૬૦ ટકાથી વધુ પક્ષીઓ રસ્તામાં જ ભરી જાય છે. પ્રથમ દષ્ટિએ સામાન્ય લાગતી નાની લાગતી હકીકત લાખો પક્ષીઓ માટે મોતનું અને જીવતાં રહેતો આજીવન કારાવાસનું કારણ બને છે. પક્ષીઓ પાળવાનો શોખ પક્ષીઓ માટે જીવલેણ છે તે સમજીએ અને પાંજરામાં કોઈ પક્ષી હોય તેને મુકત કરીએ ખાસ તો ખરીદી ન કરીએ. તેજ આ સમસ્યાનો ઉકેલ છે.

### મોરપિંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

સરકાર શિક્ષણ ઉપરાંત બીજા અનેક કાર્યો કરાવે છે. કોઈપણ ચૂંટણીનું કામ હોય કે આરોગ્યની કોઈ યોજનાઓ હોય કે સરકારી અન્ય કોઈ યોજનાઓ હોય. શિક્ષકોને આવા કાર્યોમાં જોડતા તેમનો અસંતોષ પણ વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપર અસર કરે છે.

આજે આટ્ર્સની કોલેજો પણ ઘટી રહી છે. મોટાભાગના વિદ્યાર્થીઓ અન્ય પ્રવાહોમાં જઈ રહ્યા છે. જો સમયસર વિચારણા નહી કરવામાં આવે તો આવતા થોડા વર્ષોમાં માતૃભાષા અને રાષ્ટ્રભાષાના વિષયો સ્કૂલ કૉલેજોમાં બંધ કરવા પડશે અથવા આજે નાપાસ થાય છે એના કરતા પણ વધું સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થશે.

ધોરણ એક થી બાર સુધી કોઈપણ પ્રવાહમાં ગુજરાતી અને હિંદી ભાષાને ફરજીયાત કરવી જોઈએ. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને પણ એક વિષય લેખે ગુજરાતી અને હિંદીનો એક સંયૂક્ત અભ્યાસક્રમ બનાવી ફરજિયાત કરવું જોઈએ. જેથી માતૃભાષા અને રાષ્ટ્રભાષાનું મહત્વ અને ગૌરવ પણ વધશે.

9426060601.india@gmail.com

### રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

કમ્પ્લેનો જોવા મળશે કે જેમાં એમેઝોન, ફ્લીપકાર્ટ જેવી નામી સાઈટો પરથી ખરીદેલી ચીજો ફેક નીકળી હોય છે . મોજશોખ અને આવી વસ્તુઓની નકલી બજાર અને એમાંથી ખરીદાતી વસ્તુઓ નકલી છે એવી ગ્રાહકને મોટાભાગે ખબર હોય જ છે જો કે નકલી ચીજોના વેચાણથી સરકાર અને જે તે બ્રાન્ડને નુકશાન જાય છે એ હકીકત છે પરંતુ ખાદ્ય ચીજોમાં થતી મિલાવટ કે ભેળસેળ વધુ જોખમી વસ્તુ છે . સરકારી કાયદાઓ છે ખરા પણ જોઈ એટલા કડક નથી અને છટકબારીઓ વધુ છે અને ઉપરથી ભ્રષ્ટાચાર તો ખરો જ . સામાન્ય માનવીના આરોગ્ય સાથે ચેડા કરતા આવા તત્વોને ચોક્કસથી કડકમા કડક સજા થવી જોઈએ પણ સાથે સાથે એક ખરીદદાર તરીકે આપણે પણ ધ્યાન રાખવું ઘટે કે સસ્તાની લાલચમાં ક્યાંક આપણે જિંદગી સાથે રમત તો નથી કરી રહ્યા ને ? કે તમે ખરીદેલી વસ્તુ ખરેખર મિલાવટમુક્ત છે કે નહિ ? થોડી જવાબદારી તો આપણી પણ બને જ છે ....!

### ધાબાની સફાઈ.... ● છેલ્લા પાનાનું ચાલુ

પામે છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા પ્રતિવર્ષ વરસાદ પહેલા સરકારી આવાસોના ધાબાની સફાઈનુ કામ હાથ ધરવામાં આવે છે. સુત્રોના જણાંવ્યા મુજબ હાલ પણ સેકટરોમાં સ્થિત સરકારી આવાસોના ધાબાની સફાઈનુ કામ શરૂ કરી દેવાયુ છે. જેમાં પાઈપલાઈન આસપાસ ઉગી નિકળેલ ઘાસની પણ સફાઈ કરવામાં આવી રહી છે. સરકારી આવાસોમાં ચોમાસા દરમિયાન આમ પણ લીકેજીસની સમસ્યા ઉદભવતી હોય છે. ત્યારે લીકેજીસની સમસ્યાને ડામવા માટે પણ તંત્ર દ્વારા યોગ્ય સર્વે હાથ ધરાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

**જાહેર નિવિદા**

**વર્ષ - ૨૦૧૭ - ૧૮**

**ગાંધીનગર મહાનગરપાલિકા**

**બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી દ્વારા તા. ૧૬-૬-૨૦૧૭ના રોજ ટેન્ડર નં. ૧૩/૨૦૧૭-૧૮ પ્લાસ્ટીક ખુરશીઓ ખરીદ કરવા બાબતની જાહેરાત પ્રસિદ્ધ થયેલ છે. પરંતુ ટેકનીકલ ખામીને કારણોસર હાલમાં સદર ટેન્ડર હાલમાં મુલત્વી રાખેલ છે. જેની જાણ સારું.

સ્થળ ગાંધીનગર
તા. ૧૫-૬-૨૦૧૭
સહી/-
નાયબ મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા
માહિતી/૮૦૦/૧૭-૧૮

**જાહેર નિવિદા નં. ૧ સને ૨૦૧૭-૧૮**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ પેટા વિભાગ, ગાંધીનગર બંગલા નં. ૨૪૨, ગ-૧, ટાઈપ, સેક્ટર-૯, ફોન નં. : ૦૭૯-૨૩૨૨૫૧૫૮ દ્વારા નીચે દર્શાવ્યા મુજબ એજન્સીઓ પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો જરૂરી દસ્તાવેજો રજૂ કર્યેથી તા. ૧૯-૬-૨૦૧૭થી તા. ૨૩-૬-૨૦૧૭ સમય ૧૮.૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય આપવામાં આવશે. ભાવ ભરેલ ભાવપત્રકો તા. ૨૮-૬-૨૦૧૭થી તા. ૪-૭-૨૦૧૭ સમય ૧૮.૦૦ કલાક સુધી ફક્ત રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. ટેન્ડર ખોલવાની તા. ૫-૭-૨૦૧૭ સમય ૧૨. કલાકે (શક્ય હશે તો) વધુ વિગત માટે અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો.

કવર ઉપર કામનું નામ તથા ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવું.

| કામનું નામ | (૧) ભાવપત્રક ફી (૨) બાનાની રકમ (૩) સમય મર્યાદા (૪) ઈજારદારની શ્રેણી |
|---|---|
| પ્રોવાઈડીંગ, ફેબ્રીકેટીંગ એન્ડ ફીક્ષીંગ ટ્રેશરેક ઓન ગ્રેવીડી વોલ એન્ડ એમ.એસ. ટ્યૂબ રેલીંગ ઓન રીટેઈનીંગ વોલ એટ કરણનગર પંપીંગ સ્ટેશન એરીયા એટ વિલેજ કરણનગર, તા. કડી, જિ. મહેસાણા | (૧) રૂ. ૬૦૦/- (૨) રૂ. ૨૫૨૦/- (૩) ૧ માસ (૪) ઈ-૨ અને ઉપરની શ્રેણી |

માહિતી/૮૦૧/૧૭-૧૮